eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 183
June 05, 2009

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) શહેર વિકાસ વિભાગ/દબાણ સ્ટાફ ધ્વારા આજ તા. ૦૨/૦૬/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા ) ઝોન ની કામગીરી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં આવેલ ટી.પી. ૪ (ઉમરા–સાઉથ) ફા. પ્લો.નં. ૧૦૭ પૈકી સબ પ્લોટ નં. ૧ સીટી લાઈટ રોડ, અગ્રેસન ભવનની નજીક આવેલ રામેક્ષ્વર રેસીડન્સી એપાર્ટમેન્ટ દુકાન નં. ૧૦, બનારસી પાન હાઉસ થી ઓળખાય છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ચંદીગઢના મેયર અને તેમની ટીમ સુરતની મુલાકાતે

ચંદીગઢના મા.મેયર શ્રીમતિ કમલેશ સાથે તા. ૦૨/૦૬/૦૯ના રોજ ૧૮ સભ્યોનું પ્રતિનિધિ મંડળ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ. આ પ્રતિનિધિ મંડળે સુરત મહાનગરપાલિકાના ખજોદ વેસ્ટ ડીઝપોઝલ સાઈટ, સીંગણપોર બાયોગેસ પ્લાન્ટ, ભટાર ખાતેના બાયો મેડીકલ વેસ્ટ પ્લાન્ટ, કતારગામ વોટર વર્કસ,કોસાડ ઈડબલ્યુ આવાસ તેમજ અન્ય સ્થળોની મુલાકાત લીધી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત ઓલ ગુજરાત ઈનટર કોર્પોરેશન ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૩/૦૬/૨૦૦૯ થી તા. ૦૮/૦૬/૦૯ દરમ્યાન ગુજરાત રાજયની ૭ મહાનગરપાલિકાની મેયરશ્રી અને કમ્શિનરશ્રીની ટીમ વચ્ચે " ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ " નું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ, સુરત ડુમસ રોડ, સુરત ખાતે કરવામાં આવેલછે. જેનું ઉદ્દઘાટન તા. ૦૩/૦૬/૨૦૦૯ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાનાં વરદ હસ્તે કરવામાં આવશે. તથા નીચે પધારવા હાર્દિક નિમંત્રણ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) ની કામગીરી

પૂર્વઝોન (વરાછા) માં ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ), ફા. પ્લોટ નં. ૧૨૩ ઘનશ્યામનગર સોસાયટી વિ–૧ , શેરી નં. ૩ અને ૪ માં ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયા તેમજ નાના વરાછા મોતીનગર સર્કલ તથા ચીકવાડી ટી.પી. રોડ ઉપરથી શાકભાજીની લારીઓનું દબાણ.તા. ૧/૦૬/૨૦૦૯ તથા તા ૦૨/૦૬/૦૯ ના રોજ દૂર કરવામાં આવ્યું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) શહેર વિકાસ વિભાગ/દબાણ સ્ટાફ ધ્વારા આજ તા. ૦૨/૦૬/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી નીચે મુજબ છે.

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), ફા. પ્લોટ નં. ૩૮ માં આવેલબહુચર નગર સોસાયટીમાં સી.ઓ.પી.માં બાંધવામાં આવેલ સાર્વજનિક સ્કુલનું આર.સી.સી. સ્લેબનું આશરે૭૦૦ ચો.ફૂટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરેલ છે. સદર કામગીરીમાં વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૦૦૦/– મિલકતદારો પાસેથી વસુલ કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા ) ઝોન ની કામગીરી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં આવેલ ટી.પી. ૪ (ઉમરા–સાઉથ) ફા. પ્લો.નં. ૧૦૭ પૈકી સબ પ્લોટ નં. ૧ સીટી લાઈટ રોડ, અગ્રેસન ભવનની નજીક આવેલ રામેક્ષ્વર રેસીડન્સી એપાર્ટમેન્ટ દુકાન નં. ૧૦, બનારસી પાન હાઉસ થી ઓળખાય છે. જેમાં આ એપાર્ટમેન્ટના રહીશો તરફથી દુકાન નં. ૧૦ ના મિલ્કતદાર શ્રી રમાશંકર દેવશરણ દુબે તરફથી આ મિલ્કત તા. ૨૯–૦૭–૦૩ થી મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલ દુકાન નં. ૧૦ ની પુર્વ તરફવાળા માર્જીનવાળા ભાગમાંદુકાન નું બાંધકામ કરેલ હોવાની ફરિયાદ અત્રે કરેલ. જે અન્વયે અત્રેથી કરેલ. જે અન્વયે અત્રેથી તા. ૧૮–૦૫–૨૦૦૯ના રોજ કારણદર્શક નોટીસ આપવામાંઆવેલ જે અન્વયે દુકાનદાર તરફથી કોઈ ખુલાસો કરવામાં આવેલ નહીં. જેથી દુકાન નં. ની પુર્વે માર્જીનમાં આશરે ૧૦ફુટ×૨૫ ફુટના માપ વિસ્તારમાં વધારાની દુકાનનું બાંધકામમાં છાપરા ઢાંકી તેમજ સાઈડમાં વોલ બનાવી બાંધકામ કરેલ, જેમાં કોલ્ડ્રીંકસના કાઉન્ટર ફ્રીજ વિગેરે રાખી વપરાશ શુરુ કરી દીધેલ . જેના લીધે એપાર્ટમેન્ટના વાહનોના પાર્કીંગની સમસ્યા થતી હતી. જે બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૫૦૦૦/– વસુલલેવામાં આવેલ છે.

TOP

## ચંદીગઢના મેયર અને તેમની ટીમ સુરતની મુલાકાતે

ચંદીગઢના મા.મેયર શ્રીમતિ કમલેશ  સાથે તા. ૦૨/૦૬/૦૯ના રોજ ૧૮ સભ્યોનું પ્રતિનિધિ મંડળ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ. આ પ્રતિનિધિ મંડળે સુરત મહાનગરપાલિકાના ખજોદ વેસ્ટ ડીઝપોઝલ સાઈટ, સીંગણપોર બાયોગેસ પ્લાન્ટ, ભટાર ખાતેના બાયો મેડીકલ વેસ્ટ પ્લાન્ટ, કતારગામ વોટર વર્કસ,કોસાડ ઈડબલ્યુ આવાસ તેમજ અન્ય સ્થળોની મુલાકાત લીધી હતી.

સાંજે મહાનગરપાલીકાના જુના સ્થાયી સમિતિ ખંડમાં પદાધિકારી/અધિકારીઓ સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશ્નરશ્રી એસ. અર્પણાએ જણાવ્યું હતું કે સુરત શહેર એક વિકાસ પામતુ ગતીશીલ શહેર છે.

શહેરના સમાંતર વિકાસ માટે ૧૯૯૫ થી ઝોન પ્રથાના અમલીકરણના કારણે સમાન વિકાસ શકય બન્યું છે. જેમાં પાલિકાના વિવિધ પ્રકલ્પો, શહેરના ઉદ્યોગો અને વિકાસની ઝાંખી, આરોગ્ય વિષયક સુવિધાઓ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, આરોગ્ય વિષયક શિબીરો તથા શહેરની જાણીતી હોસ્પિટલોના સંકલનથી રોગોની માહિતી મેળવવી, રાત્રી સફાઈ, ઈ–ગવનર્સથી વધીને એક કદમ આગળ એમ ો ગવનર્સ સેવા શરૂ કરી છે. જે બાળકોના જન્મબાદ માતા પિતાના મોબાઈલ પર વેકસીનેશનની તારીખ યાદ અપાવતો કોક  કરવામાં આવે છે. સ્મીમેર હોસ્પીટલ ખાતે હયુમન મિલ્ક પ્રોજેકટ "યશોદા" શરૂ કરવામાં આવ્યું છે. ૪૫૦ કરોડના ખર્ચે બસ રેપીડ ટ્રાન્ઝીટ સીસ્ટમ ખચતક માટેની સુવિધાઓ તથા મલ્ટી લેવલ પાર્કીગનું આયોજન તથા ભાવી પ્રોજેકટો અંગેની માહિતી આપી હતી.

ચંદીગઢના મેયરે જણાવ્યું હતું કે ચંદીગઢ પૂર્વ પ્લાનીંગથી વિકસેલ શહેર હોવાથી સુંદર અને સ્વચ્છ અને વેલ પ્લાન્ડ ડેવલોપ સીટી છે. જયારે સુરત ઐતિહાસીક શહેર છેઃ જેમાં વસ્તીના ધ્યાને લઈ વિકાસનાં કામો કરવા પડે છે. તેમ છતાં સુરત શહેરનો વિકાસથી અમો અત્યંત પ્રભાવિત થયા છે.

મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના હસ્તે ચંદીગઢના મા. મેયર શ્રીમતિ કમલેશને મોમેન્ટો તથા બુકે આપી સ્વાગત કર્યુ હતું. તે જ પ્રમાણે  ચંદીગઢના મા. મેયર શ્રીમતિ કમલેશે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાને સ્મૃતિ ભેટ અર્પણ કરેલ તથા ડે. મેયરશ્રી હરફુલ ચંદ કમિશ્નરશ્રી  કુ. એસ અર્પણાને પણ સ્મૃતિ ભેટ અર્પણ કરી હતી.પદાધિકારીશ્રીઓએ પ્રતિનિધિ મંડળના અન્ય સભ્યશ્રીઓનું બુકે આપી સ્વાગત કર્યુ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત ઓલ ગુજરાત ઈનટર કોર્પોરેશન ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૩/૦૬/૨૦૦૯ થી તા. ૦૮/૦૬/૦૯ દરમ્યાન ગુજરાત રાજયની ૭ મહાનગરપાલિકાની મેયરશ્રી અને કમ્શિનરશ્રીની ટીમ વચ્ચે " ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ " નું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ, સુરત ડુમસ રોડ, સુરત ખાતે કરવામાં આવેલછે. જેનું ઉદ્ઘાટન તા. ૦૩/૦૬/૨૦૦૯ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાનાં વરદ હસ્તે કરવામાં આવશે. તથા નીચે પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**સુરત મહાનગરપાલિકા**
**આયોજીત**
**ઓલ ગુજરાત ઈનટર કોર્પોરેશન ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો કાર્યક્રમ.**

| ક્રમ | તારીખ/વાર | કમિશ્નર ટીમ<br>દરરોજ સાંજે ૫.૦૦ કલાકે | મેયર્સ ટીમ દરરોજ રાત્રે ૮.૦૦ કલાકે. |
|---|---|---|---|
| ૦૧ | ૦૩/૦૬/૦૯<br>બુધવાર | રાજકોટ<br>VS<br>સુરત | વડોદરા<br>VS<br>જામનગર |
| ૦૨ | ૦૪/૦૬/૦૯<br>ગરુવાર | ભાવનગર<br>VS<br>વડોદરા | ભાવનગર<br>VS<br>જૂનાગઢ |
| ૦૩ | ૦૩/૦૬/૦૯<br>શુક્રવાર | જૂનાગઢ<br>VS<br>જામનગર | રાજકોટ<br>VS<br>અમદાવાદ |
| ૦૪ | ૦૬/૦૬/૦૯<br>શનિવાર | તા. ૦૪/૦૬/૦૯ની વિજેતા ટીમ<br>VS<br>અમદાવાદ | તા. ૦૪/૦૬/૦૯ ની વિજેતા ટીમ<br>VS<br>સુરત |
| ૦૫ | ૦૭/૦૬/૦૯<br>રવિનવાર | તા. ૦૩/૦૬/૦૯ની વિજેતા ટીમ<br>VS<br>તા. ૦૫/૦૬/૦૯ની વિજેતા ટીમ | તા. ૦૩/૦૬/૦૯ની વિજેતા ટીમ<br>VS<br>તા. ૦૫/૦૬/૦૯ની વિજેતા ટીમ |
| ૦૬ | ૦૮/૦૬/૦૯<br>સોમનવાર<br>ફાઈનલ | તા. ૦૬/૦૬/૦૯ની વિજેતા ટીમ<br>VS<br>તા. ૦૭/૦૬/૦૯ની વિજેતા ટીમ | તા. ૦૬/૦૬/૦૯ની વિજેતા ટીમ<br>VS<br>તા. ૦૭/૦૬/૦૯ની વિજેતા ટીમ |

TOP

## પૂર્વઝોન (વરાછા) ની કામગીરી

પૂર્વઝોન (વરાછા) માં ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ), ફા. પ્લોટ નં. ૧૨૩ ઘનશ્યામનગર સોસાયટી વિ–૧ , શેરી નં. ૩ અને ૪ માં ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયા તેમજ નાના વરાછા મોતીનગર સર્કલ તથા ચીકવાડી ટી.પી. રોડ ઉપરથી શાકભાજીની લારીઓનું દબાણ.તા. ૧/૦૬/૨૦૦૯ તથા તા ૦૨/૦૬/૦૯ ના રોજ દૂર કરવામાં આવ્યું.

01 પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ), ફા. પ્લોટ નં. ૧૨૩ ઘનશ્યામનગર સોસાયટી વિ–૧ , શેરી નં. ૩, સબ પ્લોટ નં ૫૭,૫૮માં મિલ્કતદાર શ્રી રમેશભાઈ પટેલે હયાત ભોંયતળિયા તેમજ ૩ (ત્રણ) માળનાં હયાત બાંધકામની ઉપર પતરાવાળી રૂમોને તોડી ૪ થા માળનાં આર.સી.સી. કોલમ, બીમ, સ્લેબસહીતનું ૯૬૦'.૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરતાં અત્રેથી સદર બાંધકામ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં આજ સોસાયટીમાં શેરી નં. ૪ માં મિલકતદાર શ્રી વાલજીભાઈ કલ્યાણભાઈ પટેલે ગ્રાઉન્ડ ફલોર વત્તા ૩(ત્રણ) માળનાં હયાત બાંધકામ જર્જરીત. હોઈ સુરત મહાનગરપાલિકાની પૂર્વમંજુરી મેળવ્યા વિના સોસાયટીનાં આંતરીક રસ્તા પર બાલ્કની પ્રોજેકશન કવર્ડ કરવા સહીતનું રીપેરીંગ/રીનોર્વેશનનું કામ

02 વધુમાં વરાછા મેઈન રોડ પર હીરાબાગ સર્કલ પાસે ટી.પી. રસ્તાની અસરમાં આવતા ઓટલાઓ, દિવાલો વિગેરે દૂર કરી આશરે ૧૦૦૦ ચો.ફૂટ ટી.પી. રસ્તાનો કબજો ખુલ્લો કરવામાં આવ્યો છે.

03 ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૩૮ (નાના વરાછા) માં મોતીનગર સર્કલ પાસે ટી.પી. રસ્તામાં શાકભાજીની લારીઓ તથા પાથરણાવાળા ધ્વારા ટી.પી. રસ્તામાં ભારે દબાણ કરી ટ્રાફિકને અડચણ રૂપ થાય છે જે અંગે પૂર્વઝોન(વરાછા) ધ્વારા સ્થળ ઉપરથી ૪૬ ખુલલી લારીઓ, બંધ લારીઓ–૫, કાઉન્ટર–૧, વજન કાંટી –૪ તથા ૪ કેરેટ જપ્ત કરવામાં આવેલ.

04 ટી.પી. સ્કીમ નં. ૨૦ (નાના વરાછા–કપાદ્રા) સી.એન.જી. સ્ટેશનની પાછળ ચીકુવાડી પાસે પણ ૩૦.૦ મી. ના ટી.પી. રસ્તા પર શાકભાજીની લારીઓનું ભારે દબાણ હોય છે. જે અંગે સ્થળ ઉપર ૧૬ લારીઓ જપ્ત કરવામાં આવેલ કુલ ૬૮ લારી ગલ્લા જપ્ત કરવામાં આવ્યા છે.

05 ટી.પી. સ્કીમ નં ૧૬ (કપાદ્રા) મમતા પાર્ક વિ–૩ ની સામે ભગવતીનગર સોસાયટીમાં ભગવતીનગર વિદ્યાલયમાં બે એમ્બોડરી મશીન ચાલુ કરવાના ઈરાદે પ્રથમ માળે બેસાડવામાં આવેલ, જે અનવયે પૂર્વઝોન (વરાછા) ધ્વારા ભગવતી વિદ્યાલયને સીલ મારવામાં આવેલ છે.

06 ટી.પી. સ્કીમ નં. ૪ (અશ્વનીકુમાર–નવાગામ ) પટેલ નગર, એ.કે. રોડ ફા. પ્લોટ નં.૨ પૈકી, સબ પ્લોટ નં. ૫૬ માં ત્રીજા માળે આશરે ૧૯૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં આર.સી.સી. કોલમ લઈ આર.સી.સી. બીમ તથા સ્લેબ લેવા માટે સેન્ટરીંગ કામ કરવામાં આવેલ જે ગેરકાયદેસર બાંધકામ અત્રેથી દુર કરવાની કાર્યવાહી શરૂ કરતા મિલકતદારે સ્વૈચ્છીક ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની સંમતી આપી મિલ્કતદારે જાતે સેન્ટરીંગ દુર કરવાની કામગીરી ચાલુ કરેલ છે.

ઉપરોકત કામગીરી સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફ, સેન્ટ્રલ ઝોનનાં દબાણ સ્ટાફ તેમજ કાપોદ્રા સ્ટાફનાં સહયોગથી પૂર્વઝોન (વરાછા) નાં દબાણ સ્ટાફ તેમજ ડેપ્યુટી ઈજનેરશ્રીઓ ધ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી આ દબાણ અભિયાન મોડી રાતે ૯.૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવ્યુ હતું.

TOP